**SOCET's Professor Satvik Khara was invited by Carnegie Mellon university, USA for resolving bug in Graphlab tool.**

**Article published Divya Bhaskar dated 1/8/2013**

# શહેરના પ્રોફેસરે દૂર કરી યુએસની લેબ ટૂલની એરર

## કાર્નેગી મેલન યુનિ.ના સોફ્ટવેરનું સોલ્યુશન

**સિટી રિપોર્ટર.** અમદાવાદ

શહેરની સિલ્વર કોલેજ ઓફ એન્જિનિયરિંગના પ્રોફેસર સાત્વિક ખારાવાલાને યુએસની કાર્નેગી મેલન યુનિવર્સિટી દ્વારા કોન્ફરન્સમાં ભાગ લેવા આમત્રણ મળ્યું હતું. સાત્વિક ખારાવાલા સાથે હસમુખ ગોસ્વામી કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર હર્ષલ ત્રિવેદી અને વિદ્યાર્થી સાગર સોનીએ કાર્નેગી મેલન યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલા ગ્રાફ લેબ સોફ્ટવેરને ઓપરેટિંગ સિસ્ટમ લિંકસમાં લોન્ચ કરતી વખતે જે એરર આવતી હતી તેને દૂર કરીને સફળતા મેળવી હતી. આ સફળતા માટે સાત્વિક ખારાવાલાને યુ.એસ.માં આયોજિત કોન્ફરન્સમાં ખાસ આમંત્રિત કરવામાં આવ્યા હતા.

અમેરિકાના કેલિફોર્નિયાની કાર્નેગી મેલન યુનિવર્સિટીના મશીન લર્નિંગ ડિપાર્ટમેન્ટના સાયન્ટિસ્ટ ડો. બેની ડિકશન અને તેમની ટીમ દ્વારા ગ્રાફ-લેબ ટૂલ તૈયાર કરવામાં આવ્યું હતું. આ ટૂલ કમ્પ્યુટર ટેકનોલોજીમાં લેટેસ્ટ ટ્રેન્ડ તરીકે આગળ આવ્યું છે, જેનું મૂળ કામ અબજો ડેટામાંથી જોઈતા ડેટાને ક્ષણવારમાં શોધી આપે છે. જેને અલગોરિધમ કહેવામાં આવે છે. આ ગ્રાફલેબ ટૂલને ઓપરેટિંગ સિસ્ટમ લિન્ક્સમાં ઈન્સ્ટોલ કરવામાં આવે તો ઘણી બધા બગ્સ એટલે એરર આવતા હતા. આ બગસને દૂર કરવામાં પ્રોફેસર ખારાવાલા, ત્રિવેદી અને સાગરનું યોગદાન મહત્ત્વનું રહ્યું હતું. તેમણે બગસ ફિકસ કર્યા, કોડ કોન્ટ્રિબ્યૂટ કર્યા અને ટેસ્ટિંગ કરીને આ સોફ્ટવેરને સફળતા બનાવ્યું હતું. આ ફર્સ્ટ ગ્રાફલેબના લોન્ચિંગ અને ઈન્ટરનેશનલ ટેકનોલોજી સેમિનારમાં ભાગ લેવા માટે સાત્વિક ખારાવાલને તા. ૭થી 30 જુલાઈ સુધી આમંત્રિત કર્યા હતા.

આ ઈન્ટરનેશનલ લેવલના ડિસ્કશનમાં ટોપની યુનિવર્સિટીના પ્રોફેસર અને ટોપની આઈટી ઈન્ડસ્ટ્રીના રિસર્ચ સાયન્ટિસ્ટ ભાગ લીધો હતો. આ કોન્ફરન્સમાં આઈટીમાં અપકમિંગ ટેકનોલોજી અને લાર્જ સ્કેલ પર ડેટા સેટનું ઓપ્ટિમમ આઉટપૂટ કઈ રીતે લાવવું તેના પર ચર્ચાઓ કરવામાં આવી હતી. આ સિદ્ધિ મેળવવા બદલ



કાર્નેગી મેલન યુનિ.ના ગ્રાફ લેબ સોફ્ટવેરની ઓપરેટિંગ લિંક્સમાં આવતી એરરને સાત્વિક ખારાવાલા સાથે હસમુખ અને હર્ષદ ત્રિવેદીએ દૂર કરી.

## આ કોન્ફરન્સમાં હતાં આઈટી એક્સપર્ટ્સ

ગુગલના એલેક્સ મોલા, ઇન્ટેલના થપડોરે વિલકે, યાહૂના લીયોગલી, ટ્વિટરના પંકજ ગુપ્તા, આઇબીએમના અમોલ ગોડીના, નેટફિક્સના ઝેવિયર્સ અમેટ્રીએન, ફેસબુકના એવરેચિંગ, યુ.સી. યુનિવર્સિટીના જ્યોસેફ હેર્લસ્ટને એમઆઇટી યુનિવર્સિટીના સામ મેડન અને સ્ટેનફર્ડ યુનિવર્સિટીના જેફરી અને કવોક હાજર રહ્યા હતા.

જીટીયુના ચાન્સેલર અક્ષય અગ્રવાલે જણાવ્યું હતું કે, તેમના આ યોગદાન માટે જીટીયુ તરફથી જરૂર એન્કરેજ કરવામાં આવશે જેથી તેઓ વધારે ક્રેડિટ મેળવી શકે. જીટીયુ તરફથી હમેશા ફ્રીડમ અપાય છે.